તારીખઃ–૩૦–૦૬–૨૦૦૯.

# અ ખ બા રી યા દી

## સને ૨૦૦૯–૨૦૧૦ ના વર્ષની  કરવેરા દરખાસ્તો.

### પુરાંતવાળું  અંદાજપત્ર

૧. માન. નાણા મંત્રીશ્રીએ આજરોજ વર્ષ ૨૦૦૯–૨૦૧૦ ના ફેરફાર કરેલ બજેટ અંદાજો રજૂ કર્યા.

૨. અંદાજીત એકંદર પુરાંત રૂપિયા ૫૩.૭૬ કરોડની રહેશે.

### મનોરંજન કર

૧. શહેરી અને ગ્રામીણ વિસ્તારોના ગરીબ અને મધ્યમવર્ગના લોકો કેબલ ટી.વી. કનેક્શન ઉપર મનોરંજન કર ભરે છે. પરંતુ, ડાયરેકટ ટુ હોમ (ડી.ટી.એચ.) ટી.વી. કનેકશન પર મનોરંજન કર લેવામાં આવતો નથી.

૨. સામાન્ય રીતે સુખી અને સમૃધ્ધ લોકો દ્વારા ડી.ટી.એચ. સગવડનો લાભ લેવામાં આવે છે.

૩. આને કારણે ગરીબ અને મધ્યમવર્ગના લોકોને અન્યાય થાય છે અને સમાજમાં અસંતુલન થાય છે.

૪. ડી.ટી.એચ. કનેકશન  ઉપર મનોરંજન કર લેવાની અંદાજપત્રમાં દરખાસ્ત કરવામાં આવી છે.

૫. પ્રત્યેક ડી.ટી.એચ. કનેકશન દીઠ, મનોરંજન કર, વાર્ષિક રૂપિયા ૨૦૦ રહેશે.

### અન્ય કરોની સ્થિતિ યથાવત

આજની આર્થિક પરિસ્થિતિમાં, રાજયની નાણાકીય જરૂરિયાતો અને જવાબદારીઓને ધ્યાને લેતાં, કરવેરાની બાકીની જોગવાઇઓ હાલ યથાવત્ રાખવા નિર્ણય.

–––––––